# સૌથી સુંદર જોડી

આ દુનિયામાં સૌથી સુંદર જોડી તમને કોની લાગે છે? કોઈ કહેશે પતિ-પત્નીની તો કોઈ કહેશે બે બહેનોની કે બે ભાઈઓની પણ હું કહીશ આ દુનિયાની સૌથી સુંદર જોડી છે બાપ-દીકરાની...સહમત કે નહીં? ક્યાંક અપવાદ હોય શકે છે પણ મને તો એ અપવાદેય સુંદર લાગે છે.

મા-દીકરાની કે મા-દીકરીની જોડી સુંદર લાગે છે પણ



એમાં તો નકરો પ્રેમ જ છલકતો દેખાય. જેમ બહુ મીઠું ખાઈએ પછી મોઢું ભાંગી જાય એમ આ જોડી જોઈ જોઈને કંટાળી જવાય. હવે તમે વિચાર કરો એક બાળક એના પિતા સાથે બહાર નિકળ્યું છે. કલ્પના કરવામાંય કેવી મજા આવી ગઈ, નહીં? ભલેને ગમે ઉંમરનું હોય એ એની મમ્મી સાથે હોય એના કરતાં કંઈક અલગ જ મૂડમાં હશે. ક્યાંક જીદ ચાલતી હોય, 'પપ્પા આઈસ્ક્રીમ ખવડાવો' કે 'ફુગ્ગો લઈ દો' અને જો પપ્પા ના માને તો જીદે ચઢેલા એ બાળકનાં નાટક જોજો.

ક્યારેક યુવાન વયનો દીકરો અને એના પિતા સાથે સાથે કોઈ કામે નીકળ્યા હોય તો એમનું નિરીક્ષણ કરજો. બંને એવા ગંભીર થઈને બેઠા હોય જાણે આખા દેશની બધી સમસ્યા



## લવ યુ જિંદગી

નિયતી કાપડીયા

એમના ઉપર જ આવી પડી હોય. બંને ખપ પૂરતી જ વાતો કરશે અને ઈશારામાં પતી જતું હોય ત્યાં સુધી જીભને કષ્ટ નહીં આપે.

પિતાજી આદર્શવાદી અને થોડા ગરમ મગજના હોય, ઘરમાં કોઈ એમની સામે એક શબ્દ પણ ના બોલી શકે એવુંય હોય છે. અહિયાં દીકરો મનમાં ઘણુય સંગ્રહીને બેઠો હોય પણ પિતા આગળ એક શબ્દ બોલતા એની હિંમત ના ચાલે. ક્યારેક લોકો આવા દીકરાને શીખવે પણ ખરા, 'અરે યાર એમાં શું બીવાનું? જા જઈને બોલી નાખ. તારા પિતા છે કોઈ વાઘ થોડા છે કે તને ફાડી ખાશે?' આ દીકરો પ્રયત્ન કરતો રહે છતાં પિતા સામેની મર્યાદારૂપી પાળી ક્યારેય પાર નહીં કરી શકે. બાપનો પડ્યો બોલ ઉઠાવી લેવો એટલું જ એને આવડતું હોય ભલે એ વાત એને ગમતી હોય કે ના ગમતી હોય. મજાની વાત એ છે કે આવા દીકરાને ઘરે જ્યારે દીકરો આવે ત્યારે એ એના પપ્પા સાથે મિત્રની જેમ વાતો કરી શકે એવો હોય અને એ દાદા સાથે પણ મજાક કરી લેતો હોય. દાદાનું ગંભીરપણું કે અતડાપણું પોતાના પૌત્ર ઉપર ચાલતું ક્યાંય જોયું ભલા?

કેટલીક જગ્યાએ દીકરો શરમાળ હોય અને બાપા મજાકીયા સ્વભાવના હોય. એમના ઘરે જ્યારે પણ જાઓ બાપા સિક્સર પર સિક્સર ફટકારે જતા હોય, એમના તો ઠીક દીકરાના મિત્રો સાથે પણ વાતોએ ચઢી જતાં હોય અને એ વખતે પેલા ગભરું દીકરાને જુઓ તો એના ચહેરા પરના ભાવ કહેતા હોય, ધરતી ફાટે અને હું એમાં સમાઈ જાઉં...

કોઈ કોઈ પિતાશ્રીને સરખામણી કરવાની ટેવ હોય. એમનો દીકરો નેવું ટકા લાવ્યો એ જોઈ હરખાઈ જાય પણ ખબર પડે કે એ ક્લાસમાં બીજો આવ્યો, પહેલા નંબર બાજુવાળો જિગો લઈ ગયો કે તરત જ એમનો બધો હરખ ઓગળી જાય. પહેલા તો એ દીકરાને સલાહ આપે, થોડીક વધારે તૈયારી કરવાનું કહીને દફા કરે અને પછી બબડાટ ચાલું થાય. 'આખી દુનિયા બેઈમાન છે. ભ્રષ્ટાચારે માજા મૂકી છે. સ્કૂલમાં રૂપિયા ખવડાવીને, પોતાનો પાવર વાપરીને એના છોકરાને પહેલો નંબર અપાવે છે!'

એક કાકા એમના ઘરે કોઈ આવે એટલે પૂછે, 'શું કરો છો?હ્ન પેલો જવાબ આપે એટલે તરત બીજો સવાલ આવે, 'પગાર કેટલો?' પેલો જવાબ આપે એટલે તરત કહે, 'ખોટી વાત. આટલો બધો પગાર કોઈ તને શા માટે ચૂકવે? મારા દીકરાને તો હજી...' આગળની એકેય વાતનો જવાબ આપવાનો હોશ એમના મહેમાનમાં બચ્યો જ ના હોય. આ પણ એક અલગ પ્રકારનો બાપનો પ્રેમ જ છે.

અમસ્તું,

ભલે થોડા અકડું હોય, ગુસ્સેલ હોય, શરમાળ હોય, ગંભીર હોય કે મજાકીયા હોય એક દીકરાને એના પપ્પા કરતાં વધારે પ્રેમ આ દુનિયામાં બીજું કોઈ નહીં કરતું હોય. એ ક્યારેય એમનો પ્રેમ બતાવી નથી શકતા અને એ જ તો આ સંબંધની ખૂબી છે.

@kapadianiyati




રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા તાજેતરમા પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષાનુપરિણામ જાહેર થતા આ પરીક્ષામા હળવદની તક્ષશિલા સ્કુલના વિદ્યાર્થીઓ એ ભવ્ય સફળતા મેળવી હતી. પ્રાયમરી સ્કોલરશિપ એક્ઝામ કેટગરીમા ખુમાણ એંજલ, પટેલ શ્રેય, પટેલ ગૌરાંગે પ્રથમ નંબર મેળવ્યો અને સેકન્ડરી સ્કોલરશિપ એક્ઝામ કેટેગરીમા ઝાલોડિયા અક્ષુ, વરમોરા નિરાલી, પટેલ દિયા, સાવન પરમાર, સુરેલા રાહુલ અને નિલેશ પરમારે પ્રથમ રેક્ક મેળવ્યો હતો. તમામ વિદ્યાર્થીઓને રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા સર્ટિફિકેટ એનાયત કરવામા આવ્યા હતા. શાળાના મેનેજિંગ ડિરેક્ટર ડો. મહેશ પટેલે ભાષા, ગાણિતીક કોયડા અને વૈજ્ઞાનિક અભિગમની યોજાયેલ આ કસોટીમા ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિતે ત્રિ-દિવસીય વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય - સર્વ નેતૃત્વ ટીમ દ્વારા મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મ જયંતિ નિમિતે "BE THE INSPIRATION" થીમ આધારીત ત્રિદિવસીય વેબીનારનું આયોજન તા.૩/૪/૫ ઓક્ટોબર ૨૦૨૦ દરમ્યાન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનો હેતુ સર્વ નેતૃત્વના યુવાનોને ગાંધીજીના મુલ્યો, સિદ્ધાંતો તેમના સુધી લઈ જવા સાથે વિદ્યાર્થીઓને વૈચારિક રિચાર્જ , બુસ્ટ અપ અને પ્રેરણા પૂરી પાડવાનો હતો જેમાં સર્વ વિધાલય ની વિવિધ સંસ્થાઓમાંથી ઓનલાઈન ૫૦૦ થી વધુ વિધાર્થીઓ, પ્રોફેસરો અને અન્ય નગરજનો સ્વૈચ્છિક રીતે જોડાયા હતા.









ત્રિ-દિવસીય વેબીનારનાં પ્રથમ દિવસે ગુજરાતના જાણીતા રીટાયર્ડ IAS અધિકારી ભાગ્યેશ જહા સાહેબે 'ગાંધી - એક વિચાર' વિષય પર ગાંધીજીના વિવિધ જીવન પ્રસંગો આધારિત શિક્ષણ, મુલ્યો , સિદ્ધાંતો વિશે ચર્ચા કરી જણાવ્યું હતું કે ગાંધી વિચારના સદગુણોના અમલીકરણ અને સમાજીકરણ થી જ ગાંધી થવાય. તા.૪/૧૦/૨૦ના રોજ આંતરરાષ્ટ્રિય સોફ્ટ સ્કીલ ટ્રેનર અને મોટીવેશનલ સ્પીકર રાકેશ ચોપરા સાહેબે 'તમારા વિચારો બદલો તમારી દુનિયા બદલાશે' વિષય પર ખુબ જ સુંદર રીતે ક્રીટીકલ થીંકીગ, ક્રીએટીવ થિંકિંગ, મનના પ્રકારોની સાથે સકારાત્મક વિચારવાની રીત વિશેવિવધ ઉદાહરણો, વિડીઓ અને પી.પી.ટી પ્રેઝન્ટેશન આપીને સમજાવ્યું હતું.તા.૫/૧૦/૨૦ ના રોજ નાર્કોટિક કંટ્રોલ બ્યુરોના પૂર્વ ઝોનલ ડાયરેક્ટર અને અત્યારે જારખંડ ખાતે સી.આઈ.એસ.એફ.માં સીનીયર કમાન્ડન્ટ તરીકે સેવા આપતા હરીઓમ ગાંધી જોડાયા હતા જેમણે 'નવા ભારતના નિર્માણમાં આજના યુવાનોની ભાગીદારી' વિષય પર પોતાના કાર્યો અને યુવાનો માટે શરુ કરેલ Healthy Campus જેવા પ્રોજેકટ ની ચર્ચા કરી યુવાનો કેવી રીતે રાષ્ટ્ર નિર્માણની પ્રવૃતિને વેગ આપી શકે તેનું ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.


સમ્રગ કાર્યક્રમનું આયોજન અને સંચાલન કડી સર્વ વિશ્વવિદ્યાલય, સર્વ નેતૃત્વના ઈન્ચાર્જ ડૉ. ધર્મેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નિશુલ્ક રાખવામાં આવ્યો હતો જેમાં અંતે દરેક ભાગ લેનાર વિદ્યાર્થીને ઈ - સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા હતાં.

### SSIT, ભાટ અને IEI દ્વારા

# 'હાઉસિંગ ફોર ઓલ : અ બેટર અર્બન ફ્યુચર' વિષય પર વેબીનારનું આયોજન

ગાંધીનગર, તા. ૭

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ભાટ અને ઈન્સ્ટિટ્યુસન ઓફ એંજીનિયર ઈન્ડિયા (આઈ છે આઈ ) દ્વારા વર્લ્ડ હેબિટેટ દિવસની ઉજવણી ના ભાગ રૂપે તા ૨૫ ઓક્ટોમ્બર ૨૦૨૦ ના સોમવાર ના રોજ 'હાઉસિંગ ફોર ઓલ : અ બેટર અર્બન ફ્યુચર' વિષય પર એક દિવસીય બેબીનારનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં એંજીનિયર નવીન ચંદ્ર વસોયા (માજી. પ્રમુખ આઈ ઈ આઈ), ડૉ અનુપમ કુમાર સિંગ (ડાયરેક્ટર, આઈ આઈ ટી ઈ ), એંજીનિયર એચ યુ કલ્યાણી (ચેરમેન,આઈ ઈ આઈ)મુખ્ય મહનું ભાવો સાથે સિવિલ ઈજનેરી ના ૩૦૦ થી વધુ વિદ્યાર્થી અને પ્રાધ્યાપક મિત્રો જોડાયા હતા.



જેમાં વેબીનારના મુખ્ય વિષય 'વર્લ્ડ હેબિટેટ દિવસ' બાબતે સમજાવતા જણાવ્યું હતું કે હેબિટેટ દિવસ ઉજવવાનું કારણ એ છે કે હાલ માં આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગ નો સામનો કરી રહ્યું છે જેના પ્રોબ્લેમ્સને સોલ્વ કરવા માટે ભાવિ ઈત્તોરો નું યોગદાન શું હશે તે આઈ ઈ આઈ ના નિષ્ણાતો દ્વારા સમજાવવામાં આવ્યું હતું.

ડો. જિગર વી પંડ્યા (કન્સલ્ટેટ એંજીન્યરિંગ) દ્વારા સંસ્થાના સિવિલ શાખાના વિદ્યાર્થીઓને હાઉસિંગ ફોર ઓલ, 'અ બેટર અર્બન ફ્યુચર' પર માર્ગદર્શન આપવામાં આવ્યું જે આપના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રધાન મંત્રી આવાસ યોજનાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે દરેક માણસ ને પોતાનું ઘર મળી રહે જેથી સ્વચ્છ ભારત નું સપનું સાકર કરી શકાય અને આવનારા દિવસો માં ગ્લોબલ વોર્મિંગ ની સમસ્યા નો ઉકેલ મેળવી શકાય એ હેતુથી ભાવિ સિવિલ ઈજનેરો ને સાચી દિશા મળી રહે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ સંસ્થાના ડાયરેકટર ધર્મેશ વંદરા પ્રિન્સિપાલ ડો હિતેશ એચ વંદરા અને સિવિલ વિભાગ ના વડા પ્રો.અમરિશ ભાવસાર પ્રો દિપીકા શાહ તથા વિજય સોલંકી (ડેપ્યુટી ડિરેક્ટર,ડબલ્યુ એમ છે, આઈ ઈ આઈ) એ પ્રાસંગિક ઉધબોધન આપી વિદ્યાર્થી મિત્રોને શુભેચ્છા પાઠવી હતી.

# શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા 'મને શું થવું' વિષય પર ઓનલાઈન વકૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે. બી. પ્રાથમિક શાળા દ્વારા તારીખ ૨-૧૦-૨૦૨૦ ને શુક્રવારના રોજ બપોરે ૨:૩૦ થી ૩:૩૦ દરમિયાન ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં અંતર્ગત સુંદર વકતવ્યો રજૂ કર્યા હતા. સારુ વકતવ્ય રજૂ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

શાળાના આચાર્ય શ્રીમતી નીલાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પોતાના વકતવ્યો રજૂ કરી ઉત્સાહ બતાવવા બદલ અભિનંદન પાઠવ્યા છે.



# શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પૂણ્ય સ્મૃતિમાં વૃક્ષારોપણ થયું

ગાંધીનગર, તા. ૭

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીય ગુરુ પરંપરાના પંચમ વારસદાર - મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય વિશ્વવાત્સલ્યમહોદધિ આચાર્ય શ્રી પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજની પૂણ્ય સ્મૃતિમાં ભુજ - માંડવી રોડ પર નારાયણપર સીમમાં આવેલા સ્મૃતિ વનમાં આશરે ૧૩ એકર જમીનમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રીના વરદ હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.



૧૩ એકરમાં ફેલાયેલા સ્મૃતિ વનમાં ૭,૮૦૦ વિવિધ વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. જેનો પશુ-પક્ષીઓને લાભ મળશે. આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રીએ વૃક્ષારોપણ કરી તમામ સંતો અને હરિભક્તોને આ ભગીરથ કાર્યમાં જોડાઈ ને વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર કરવા જણાવ્યું હતું. નારાયણપરમાં તૈયાર કરાયેલા સ્મૃતિ વનમાં મોટી સંખ્યામાં વૃક્ષારોપણ સંતો - ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સુખપર ગામમાં શ્રી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીના વરદ હસ્તે વૃક્ષારોપણ - વૃક્ષ - છોડ તથા તેની જાળવણી માટે ૧૦૦ પીંજરા અર્પણ કરવામાં આવ્યા હતાં.

# સાદરા સંકુલના ગાંધી ખાદી ગ્રામ ઉદ્યોગ દ્વારા ખાદીના માસ્ક બનાવવાની કામગીરી હાથ ધરાઈ



ચિલોડા, તા. ૭

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણીના ભાગરુપે મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ - સાદરાના ગાંધી ખાદી ગ્રામઉદ્યોગ દ્વારા ખાદીના માસ્ક બનાવવાની કામગીરી હાથ ધરાઈ છે. કોરોના વાયરસના સંક્રમણને લીધે વિદ્યાર્થીઓ ઘરે બેઠાં બેઠાં ઓનલાઈન અભ્યાસ કરી રહ્યા છે, ત્યારે ઘરે બેઠેલા વિદ્યાર્થીઓ જયારે સંકુલમાં પાછા આવે ત્યાં સુધીમાં વિદ્યાર્થીઓ અને સેવકો માટે ૧૦૦૦થી વધુ ખાદીના માસ્ક બનાવવાનો સંકલ્પ ૧૫૧મી ગાંધી જયંતિ ઉજવણીના દિને કરવામાં આવ્યો છે.

ખાદીના માસ્ક બનાવવાની કામગીરી ઉદ્યોગ સેવક વસંતબેન વાણીયા અને હિંમતભાી વાણીયા કરશે. શિવણ સંચો લાવવાની કામગીરી સહાય કાર્યાલય સેવક આશવભાઈ શાહ અને બળદેવભાઈ રાઠોડએ કરી છે. ખાદીનો માસ્ક બનાવવાની તાલીમ કમલેશભાઈ દરજીએ આપી છે. ડૉ. રાજેન્દ્રભાઈ જોષી, ડૉ. ગાયત્રીદત્ત મહેતા, ડૉ. ભાટીયાજી, વસંતી પરમાર, સ્મિતા ગામીત, મોહનભાઈ પટેલ ખાદી ગ્રામઉદ્યોગમાં આવીને માસ્ક બનાવવાની કામગીરીને પ્રોત્સાહન આપ્યું હતું. માસ્ક બનાવવા માટે શિવણ મશીન ખરીદ કરવાના આયોજનથી માંડી માર્ગદર્શન આપવાનું કાર્ય સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલએ પૂરું પાડ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

કશું ના હોય ત્યારે 'અભાવ' નડે છે, થોડું જ હોય ત્યારે 'ભાવ' નડે છે, જીવનનું આ એક કડવું સત્ય છે, બધું જ હોયને ત્યારે 'સ્વભાવ' નડે છે...


# જન્મદિને વધામણી



નિરાલી ધનંજય જોષી
મો. ૯૯૨૪૫ ૫૮૫૧૧



એમ ડી વાઘેલા
મો. ૯૮૨૫૦ ૭૫૯૧૯




દિપલ ટાટરીયા



હેનિશ અજયકુમાર પંચાલ



પરમવીરસિંહ રાહુલસિંહ રાણા
મો. ૯૩૨૮૩ ૪૯૮૪૨



પ્રિશા મૌલિક રાજપુત
મો. ૯૪૨૮૯ ૧૨૫૯૨

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક